સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ (COVID-19)

હાલમાં સુરત શહેરમાં કોરોના વાયરસનાં નવા સ્ટ્રેઈનના પગપસેરાને કારણે શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ તેજગતિએ વધેલુ છે. જે ચિંતાજનક બાબત છે. કોરોનાના વધતા સંક્રમણને નિયંત્રિત કરવા માટે સુરત મહાનગરપાલિકાનું સમગ્ર તંત્ર યુધ્ધના ધોરણે કોવિડ–૧૯ની કામગીરી કરી રહયું છે. અત્યારે જે પ્રમાણે સંક્રમણ વધી રહયુ છે તે જોતા આપણી સામેના વ્યકિત પણ પોઝિટિવ હોઈ શકે છે જે આપણને માલુમ પડતુ નથી જેથી માસ્ક પહેરવું તથા કોરોના વાયરસ સામે બચવા સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈનનું અચૂક પાલન કરવું ખૂબ જ જરૂરી છે.

હાલની કોરોના વાયરસના શહેરમાં વધુ પ્રમાણમાં કેસોની ગંભીર પરિસ્થિતીને ધ્યાને લઈ કોઈપણ વ્યકિતને કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો જણાય તો તાકીદે નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા ધન્વંતરી આરોગ્ય રથ મારફત ટેસ્ટીંગ કરાવી તમે કોરોનાગ્રસ્ત છો કે કેમ ? એ સુનિશ્ચિત કરો. કોરોના વાયરસના કેસોમાં તાકીદે ટેસ્ટીંગ કરી ઝડપથી સારવાર મેળવતા ગંભીર પરિસ્થિતીથી બચી શકાય છે. વધુમાં બહારગામથી આવતા તમામ લોકોએ પણ સુરત મહાનગરપાલિકા સંચાલિત વિવિધ કોવિડ પરિક્ષણ કેન્દ્રો પર ટેસ્ટીંગ કરાવી કોરોના વાયરસ સામેની આ લડાઈમાં સુરત મહાનગપાલિકાને યોગ્ય સાથ સહકાર આપે અને સ્વયં તેમજ સ્વજનોને સુરક્ષિત રાખે. સુરત મહાનગરપાલિકા તરફથી વિનામૂલ્યે કોરોના ટેસ્ટીંગ સેન્ટરની માહિતી https://tinyurl.com/AntigenTestingCentres/ તથા ધન્વંતરી રથના રોજબરોજના રૂટની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://tinyurl.com/dhanvantarirathplan/ ઉપરથી મળી શકશે.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,

સમાચાર યાદી નં.૨૮

તા.૦૩/૦૪/૨૦૨૧